# જાહેરનામું

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/જ 33 /૨૦૧૫ તા. 22 /૧/૨૦૧૫

હું શિવાનંદ ઝા પોલીસ કમિશ્નરં, અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ નંબર ૨૨ ની પેટા કલમ (૩૩) (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

## હુકમ :-

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી તા.૨૫/૧/૨૦૧૫ં ના રોજ સવાર કલાક ૦૫.૦૦ થી બપોર કલાક ૧૧.૦૦ દરમ્યાન અરવિંદ સાબરમતી સાયક્લોથોન રેસનું આયોજન કરવામાં આવેલ છે. જેથી જાહેર માર્ગો ઉપર નીચે મુજબના વિસ્તારોમાં સાયક્લોથોન દોડ દરમ્યાન રસ્તો બંધ કરવા/ ડાયવર્ઝન કરવામાં આવે છે.

તા.૨૫/૧/૨૦૧૫ ના રોજ સવાર કલાક ૫.૦૦ થી બપોર કલાક ૧૧.૦૦ સુધી અરવિંદ સાબરમતી સાયક્લોથોન રેસના રૂટ ઉપર આવતા નીચે પ્રમાણેના રસ્તાઓ વાહન વ્યવહાર માટે સદંત્તર બંધ રહેશે. (સમગ્ર રૂટ નો-વ્હીકલ ઝોન રહેશે.)

૧. <u>નહેરૂબ્રીજ ચાર રસ્તાથી વાડજ સર્કલ સુધી આવ-જા કરી શકશે નહી.</u>

<u>વૈકલ્પિક માર્ગ</u> :-

નહેરૂબ્રીજ ઉપર થઇ પૂર્વ તરફના કોર્નરથી ડાબી બાજુ કામા હોટલ, ખાનપુરથી ભવન્સ કોલેજ રોડથી શાહપુર ચાર રસ્તા થઇ દૂધેશ્વર પાણીની ટાંકીવાળા સર્કલથી ડાબીબાજુ વળી દૂધેશ્વર દધિચી બ્રીજ મધ્યભાગે થઇ વાડજ સર્કલ તરફ આવ-જા કરી શકશે.

૨. <u>વાડજ સર્કલથી ઉસ્માનપુરા ચાર રસ્તા થઇ નવરંગ સર્કલ થઇ વિજય ચાર રસ્તા સુધી આવ-જા કરી શકશે નહી.</u>

<u>વૈકલ્પિક માર્ગ</u> :-

વાડજ સર્કલથી ભીમજીપુરા ચાર રસ્તાથી ડાબીબાજુ વળી વિજયનગર રેલ્વે ક્રોસીંગ ક્રોસ કરી ડાબીબાજુ વળી રેલ્વે લાઇનના સર્વિસ રોડ થઇ નારણપુરા રેલ્વે ક્રોસીંગથી ઉસ્માનપુરા અંડરપાસ ઉપરથી સરદાર પટેલ સ્ટેડીયમ પાછળથી ઇન્કમટેક્ષ અંડરપાસ ઉપરથી જમણીબાજુ વળી સ્ટેડીયમ પાંચ રસ્તા થઇ સામવેદ હોસ્પિટલ રોડ થઇ કોમર્સ સર્કલ થઇ વિજય ચાર રસ્તા સુધી અરવિંદ સાબરમતી રન પુરો થયા બાદ આવજા કરી શકશે.

૩. <u>વિજય ચાર રસ્તાથી હેલ્મેટ ચાર રસ્તા થી ગુરૂકુળ ડ્રાઇવઇન રોડ દુરદર્શન ચાર રસ્તા સુધી આવ-જા કરી શકશે નહી.</u>

(એ) <u>વૈકલ્પિક માર્ગ</u> :-

નહેરૂબ્રીજ ટાઉનહોલથી જમણી બાજુ વળી પરિમલ ચાર રસ્તા થઇ આંબાવાડી સર્કલ થઇ સી.એન.વિદ્યાલય ડાબી બાજુ વળી નહેરૂનગર સર્કલથી સીધા શિવરંજની બ્રીજ નીચે થઇ જોધપુર ચાર રસ્તાથી ઇસ્કોનબ્રીજ નીચેથી એસ.જી. હાઇવે ઉપર આવ-જા કરી શકશે.

(બી) <u>વૈકલ્પિક માર્ગ</u> :-

વાડજ સર્કલથી ભીમજીપુરા ચાર રસ્તા થઇ વિજયનગર રેલ્વે ક્રોસીંગથી વિજયનગર ચાર રસ્તાથી ડાબીબાજુ વળી સંઘવી હાઇસ્કુલ રોડ લાડલી શો-રૂમ ત્રણ રસ્તાથી જમણી બાજુ વળી નારણપુરા ચોકી ચાર રસ્તા થઇ સીધા નારણપુરા ગામથી એ.ઇ.સી. ઓફીસથી એ.ઇ.સી. બ્રીજ નીચેથી ભૂયંગ દેવથી સાર્થક સર્કલથી સાર્થક બ્રીજ ઉપરથી સોલા એસ.જી. હાઇવે તરફ આવ-જા કરી શકશે.

૪. <u>૧૩૨ ફુટના રોડ ઉપર પ્રગતિનગર ચાર રસ્તાથી શાસ્ત્રીનગર ચાર રસ્તાથી એ.ઇ.સી. બ્રીજ ઉપરથી હેલ્મેટ બ્રીજ ઉપરથી અંધજન મંડળ ચાર રસ્તાથી કેશવબાગ ત્રણ રસ્તાથી શીવરંજની બ્રીજ ઉપરથી શ્યામલ ચાર રસ્તા સુધી આવ-જા કરી શકશે નહી.</u>

<u>વૈકલ્પિક માર્ગ</u> :-

અખબારનગરથી નિર્ણયનગર ગરનાળા થઇ ઉમિયાહોલથી ચાંદલોડીયા સુંદરસિંહ ભંડારી રેલ્વે ઓવરબ્રીજથી ગોતા ઓવરબ્રીજ થઇ ચાર રસ્તાથી ડાબીબાજુ વળી એસ.જી. હાઇવે થઇ સોલા હાઇકોર્ટ થઇ

સોલા ઓવરબ્રીજ થઇ થલતેજ અંડરપાસ થઇ ઇસ્કોન બ્રીજ થઇ પ્રહલાદનગર-ટી થી ડાબીબાજુ વળી આનંદનગર રોડ થઇ શ્યામલ ચાર રસ્તા તરફ આવ-જા કરી શકશે.

તા.૨૫/૧/૨૦૧૫ ના રોજ સવાર કલાક ૫.૦૦ થી બપોર કલાક ૧૧.૦૦ સુધી' અરવિંદ સાબરમતી સાયક્લોથોન રૂટ ઉપર આવતા નીચે પ્રમાણેના રસ્તાઓ વાહન વ્યવહાર માટે સદંતર બંધ રહેશે. (સમગ્ર રૂટ નો-વ્હીકલ ઝોન રહેશે.)

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૨૫/૧/૨૦૧૫ ના સવાર કલાક ૫.૦૦ થી બપોર કલાક ૧૧.૦૦ સુધી પોગ્રામ પુરો થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૨૨/૧/૨૦૧૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૨/૧/૨૦૧૫
અમદાવાદ.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક, વિશેષ શાખા, વહીવટ, અમદાવાદ
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.